સંદેશ City Life
SUNDAY 4.11.2018
www.sandesh.com
અમદાવાદની આજ અને કાલ...



IITGn ખાતે બ્લોકચેન ઉપર યોજાયેલ માસ્ટર ક્લાસમાં સ્ટુડન્ટ્સને માર્ગદર્શન અપાયું

# બિટકોઇન કરતાં બ્લોકચેન ટેક્નોલોજી વધુ સિક્યોર: ડાયરેક્ટર બાબુ મુનાગાલા

**બ્લોકચેનમાં આપવામાં આવેલી ઇન્ફર્મેશનને કોઇ ટેમ્પર કરી શકતું નથી**



ટેક્નોલોજી જેટલી હદે અને જેટલી ઝડપથી વધી રહી છે તેની સામે એના દુરુપયોગો પણ વધી રહ્યાં છે. થોડા દિવસ પહેલા સમગ્ર દેશમાં બિટકોઈન કેસે ધમાલ મચાવી હતી. જો કે બિટકોઈન પણ એક પ્રકારની ટેક્નોલોજી છે, જે હવે વિશ્વાસપાત્ર નથી એટલે તે હેક થઈ શકે છે. લેટેસ્ટ ટેક્નોલોજી બ્લોકચેનથી વાકેફ કરાવવા આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે બ્લોકચેન માસ્ટર ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝેબી પ્રા.લિ.ના ડાયરેક્ટરે બાબુ મુનાગાલાએ જણાવ્યું હતું કે બ્લોકચેન ટેક્નોલોજી એકદમ સિક્યોર છે એના માધ્યમથી કરવામાં આવેલ ટ્રાન્ઝેક્શન પણ સિક્યોર રહે છે. એમાં આપવામાં આવેલી ઈન્ફર્મેશનને કોઈ



ટેમ્પર કરી શકતું નથી. બ્લોકચેન અંગે વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે ગત બજેટમાં તંત્રે પણ બ્લોકચેન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. લેન્ડ રેકોર્ડ આમાં સૌથી વધુ સિક્યોર રહે છે. આ અંગે આગામી સમયમાં સ્ટાર્ટ અપ માટે પણ સોનેરી તકો પણ રહેલી છે તેમ તેણે જણાવ્યું હતું. તેમણે સ્ટુડન્ટ્સને બ્લોકચેનના ઉપયોગો, ફાઈનાન્શિયલ સર્વિસ, સ્પાલય ચેન આઈ.ડી.પ્રોટેક્શન અને એજ્યુકેશન ઉપર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે આઈ.આઈ.ટી. ગાંધીનગર ઉપરાંત જી.એન.એલ.યુ, જી.ટી.યુ અને એન્જિનિયરિંગ સહિતના સ્ટુડન્ટ્સ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

ડાયરેક્ટ મેન્યુફેક્ચરિંગ થી રિટેલ

**Title:** Blockchain Masterclass held at IITGN provided guidance to the students
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/53682/ahmedabad/page/25#
**Date:** 04-11-2018